**SPECIAL MAGISTRAIAL SITTING**

---

**ક્રિ.કેસ.નં.૧૧૩૮/૨૦૦૧**

**પરવાનગી અરજી અન્વયે હુકમ :–**

સાંભળ્યા, અત્રેની અદાલતમાં સરકારી વકીલશ્રી ની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ ના પત્ર ક્રમાક નંબર–ડીસી/ સીટીઝેડ/મેટ્રો કોર્ટ/ લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૦, તારીખ ૦૬/૦૨/૨૦૨૦, અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરીધ્વારા સદર કેસ પરત ખેચવા અંગે મંજુરી આપવામા આવેલ છે જે પત્ર વંચાણે લેવા માં આવેલ છે.

આ કેસ ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ કેસ છે. આરોપી/ આરોપીઓ ઘણા લાબાં સમયથી મળી આવતા નથી. કેસનુ રેકર્ડ જોતા આરોપી ઉપર પ્રોસેસ કરવા છતા તેઓ ને અદાલતમાં તપાસ કરનાર એજન્સી ધ્વારા લાવી શકાયેલ નથી. કેસ જુનો છે વધુ ગંભીર ગુના નો કેસ નથી. રાજ્ય સરકાર ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરીપત્રે તેમજ નામ સુપ્રી. કોર્ટ તેમજ નામ ગુજરાત હાઈકોર્ટ ના આ બાબત ના (કેસ લો ) ધ્યાને લેતા સદર કેસ માં જયારે જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ધ્વારા આ બાબતે લેખીત આદેશ કરવમાં આવેલ હોય તમામ હકીકતો ધ્યાન સમક્ષ રાખતા ન્યાયના હીતમાં સરકારી વકીલશ્રીને હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે. અને આ કેસ વીડોઅલ થી ફેસલ કરવાનો હુકમ કરવો યોગ્ય જણાઈ આવતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના ઈન્ચાર્જ સરકારી વકીલશ્રી આ કેસ પરત ખેચવા ની પરવાનગી આપી વીડોઅલ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને/ આરોપીઓ ને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડીમુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **મુદામાલ અંગે**

(૧) બીન કીમતી મુદામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણ સર નીકાલ કરવો.

(૨) મુદામાલ દારુ નો અપીલ સમયબાદ ધોરણસર નીકાલ કરવો.

(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નીયમઅનુસાર સરકાર દાખલ કરવા.

(૪) અદાલતે વચગાળાના મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને કાયમ કરાવમાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદામાલની કીંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર દાખલ કરવા.

હુકમ આજરોજ ૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ ના સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીગીંટમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૦૮/૦૨/૨૦૨૦.

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.

**(GJ00757)**